**દાખલ તારીખ** ૧૨/૦૩/૨૦૨૬
**નોંધ્યા તારીખ** ૧૨/૦૩/૨૦૨૬
**ફેંસલ તારીખ** ૧૮/૦૩/૨૦૨૬
**સમય ગાળો**

सत्यमेव जयते

**મે. ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ નડીયાદ.**

ફોજદારી પરચુરણ અરજી નં.૨૯૩/૨૦૨૬
આંક–

અરજદાર :– **ઘનશ્યામભાઈ ચંદુભાઈ ઝાલા**
ઉ.વ.૩૫ ધંધો–મજુરી
રહે.મીલરોડ, નવી મીલની સામે,
ભાઈલાલભાઈની ચાલી,તા.નડીઆદ જી.ખેડા
(હાલ સબ જેલ બીલોદરા)

વિરુધ્ધ

સામાવાળા :– સરકારશ્રી.

---

બાબત:– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ (સાથે વાંચતા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ ) મુજબ રેગ્યુલર જામીન અરજી

---

---

**અરજદાર તરફે વિદ્ધાન વકીલ શ્રી એચ.કે.શાહ**
**સામાવાળા સરકાર તરફે વિદ્ધાન પી.પી. શ્રી ડી.આર. બારોટ**

---

**// ચુકાદો //**

(૧) અરજદાર/આરોપીએ હાલની અરજી મહુધા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૨૦૪૦૩૯૨૬૦૦૦૪/૨૦૨૬,પ્રોહી એકટની કલમ–૬૫(એ),૬૫(ઇ),૮૧,૮૩,૯૮(૨),૯૯,૧૧૬ (બી) તથા ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૩૬(૨),૩૪૦(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીની

અટક કરી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ ત્યારબાદ અરજદાર/આરોપીની ટ્રાયલ અદાલત ધ્વારા જામીન અરજી નામંજૂર કરતા અત્રેની કોર્ટ સમક્ષ ક્રિ.પ.અરજી નં.પ૬/૨૦૨૬ થી દાખલ કરેલ જે અરજી અત્રેની કોર્ટે નામંજૂર કરતા તે હુકમ સામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જામીન અરજી નં.૪૩૧૦/૨૦૨૬ થી દાખલ કરેલી જે વિડ્રો કરેલ છે. ત્યારબાદ ચાર્જશીટ બાદ ફરીથી હાલની અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ એકટની કલમ—૪૮૩ મુજબ દાખલ કરેલ છે.

(૨) સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતાં આંક—૪ થી ડી.આર. બારોટ, પી.પી.શ્રીની હાજર પુરસીસ રજુ થયેલ છે. તેમજ આંક—૬ થી આઇ.ડી.વાઘેલા,પી.એસ.આઇ મહુધા પોલીસ સ્ટેશનનુ સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિદ્ધાન વકીલ શ્રી એચ.કે.શાહે તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે,અરજદાર સદર ગુનામાં તદ્દન નિર્દોષ છે અરજદારનુ નામ એફ.આઇ.આરમાં ખોટી રીતે જણાવવામાં આવેલ છે. સદર કેસની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને તેનુ ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી દીધેલ છે. અરજદારે કહેવાતો પ્રોહી મુદ્દામાલ મંગાવેલ હોય તેવા આક્ષેપ પુરવાર થઇ શકે તેમ નથી.ચાર્જશીટ થઇ ગયેલ હોઇ ટેમ્પરીંગનો કોઇ પ્રશ્ન ઉદભવશે નહી.વધુમાં તેમણે જણાવેલ છે કે,નામ સુપ્રિમ કોર્ટના ચૂકાદા ભગીરથસિંહ જાડેજા વિ. સ્ટેટ ઓફ ગુજરાત એ.આઇ.આર. ૧૯૮૪ એ.સી. ૩૭૨ ના ચૂકાદામાં જણાવેલ છે કે જો આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય રીતે ગુનો જણાઇ આવતો હોય તેમ છતાં જો આરોપીની હાજરી સુનીશ્ચિત થતી હોય અને તપાસમાં પુરેપુરો સહકાર આપેલ હોય તો આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા જોઇએ તેમજ આરોપીની જામીન અરજી નામંજૂર કરી પરોક્ષ રીતે તેને પ્રિ—ટ્રાયલ કન્વીકશન કરી શકાય નહી.વધુમાં નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદા સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ ક્રિ.અપીલ નં.૨૧૭૯/૨૦૧૧ મા નામ સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ આરોપીને ભારતીય બંધારણના આર્ટીકલ ૨૨(અ) માં

આપેલ હકકોનુ રક્ષણ તથા વ્યકિતગત સ્વતંત્રતા,બંધારણીય અધિકારો તથા ટ્રાયલ સમય દરમ્યાન આરોપીની હાજરી સુનીશ્ચિત કરે અને આરોપી કોઇ પુરાવાનો નાશ ના કરે તો અને સાથોસાથ તપાસમાં પણ સહકાર આપેલ હોય તો તેવા કિસ્સામાં આરોપીને જામીન ઉપર મુકત કરવા હિતાવહ છે.નામ.સુપ્રિમ કોર્ટે સદર કેસમાં પ્રસ્થાપિત કરી જણાવ્યુ છે કે, **"Bail is the Rule and Committal to Jail an Exception "** ના સિધ્ધાંત મુજબ પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા વિશેષ સંજોગો છે. અરજદાર સ્થાનિક રહેવાસી છે સ્થવાર તથા જંગમ મિલકતો ધરાવે છે.કયાંય નાસી ભાગી જાય તેમ નથી. નામ કોર્ટ જે શરતો ફરમાવશે તેનુ પાલન કરશે જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે વિદ્ધાન પી.પી. શ્રી ડી.આર. બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે,અરજદાર/આરોપીની અગાઉ આપ નામ.કોર્ટે જામીન અરજી નામંજૂર કરતા નામ.ગુજરાત હાઇકોર્ટમાં જામીન અરજી કરેલી જે પાછળથી વિડ્રો કરેલ છે ત્યારબાદ ચાર્જશીટ બાદ ફરીથી હાલની જામીન અરજી કરેલ છે. વધુમાં હાલના અરજદાર સામે આ સ્વિાય પણ બીજા ગુનાઓ નોધાયેલા છે જેથી અરજદાર આરોપી ગુના કરવાની ટેવવાળા હોઇ જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુનાઓ કરશે તેવી શકયતાને નકારી શકાય નહી જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે.

(૫) આ કામે જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું, તપાસના પેપર્સ વંચાણે લીધા તેમજ પક્ષકારોના વિદ્ધાન વકીલશ્રીની રજુઆત સાંભળી. એકંદરે એફ.આઈ.આર. અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતા આ કામના આરોપી વિદેશી દારુ મંગાવનાર હોઈ તેમજ આ દારુ લઈ આવનાર તથા બીજા અન્ય આરોપીઓ સાથે મળી વેચાણ કરવાના ઈરાદે દારુ મંગાવેલ હોઇ હાલના અરજદાર/આરોપીની મુખ્ય ભુમિકા હોઈ તેમજ સદર ગુનાના બીજા નાસતા ફરતા આરોપીઓને પકડવાના બાકી હોઇ જેથી હાલના

અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સદર ગુનાના નાસતા ફરતા આરોપીઓ પોલીસ પકડમાં આવવા બાબતે જાણ કરે તેવી પુરેપુરી શકયતા રહેલ હોઇ અને ફરીથી આવા પ્રકારની અસમાજીક પ્રવૃતિ કરે તે હકીકત નકારી શકાય તેમ નથી.વધુમાં સદર ગુનાની સજાની જોગવાઇ તથા સમાજ ઉપર પડતી ગુનાની વિપરીત અસર ધ્યાને લેતા તેમજ અરજદાર/આરોપી અદાલત સમક્ષ હાજર ના રહે અને ટ્રાયલ વિલંબમાં નાંખે તેવી હકીકત પણ નકારી શકાય તેમ નથી.વધુમાં હાલમાં માદક પદાર્થના ગુનાઓનુ પ્રમાણ દિન–પ્રતિદિન વધી રહ્યું છે અને તેના કારણે યુવાધન વેડફાઈ રહ્યું છે. અરજદારને જો જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર ઈસમોને તેમજ નાસતા ફરતા આરોપીઓને પણ પ્રોત્સાહન મળે તેમજ આવા લોકોમાં કાયદાનો ડર રહે નહીં અને સમાજમાં ખોટો સંદેશ જાય તેમજ ચાર્જશીટ થઇ જવા માત્રથી અરજદારના સંજોગો બદલાતા નથી તે સંજોગોમાં અરજદાર/આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયોચિત જણાતુ ના હોઇ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:આ ખરી હુ ક મ:–**

(૧) અરજદાર/આરોપી **ઘનશ્યામભાઇ ચંદુભાઇ ઝાલા** રહે.મીલરોડ, નવી મીલની સામે,ભાઇલાલભાઇની ચાલી,તા.નડીઆદ જી.ખેડા (હાલ સબ જેલ બીલોદરા)ની ક્રિ.પ.અરજી.નં.૨૯૩/૨૦૨૬ આથી નામંજૂર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૮ મી, માહે–માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તારીખ :– ૧૮/૦૩/૨૦૨૬
નડીઆદ.

**(પ્રકાશકુમાર પી.પુરોહીત)**
ત્રીજા અધિક સેશન્સ જજ,
નડીઆદ.
કોડ નં.જી.જે.૦૦૬૮૫

(આર.બી.ગોસ્વામી)